# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-02-2025** **Evening: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

*****************************************************

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, મશીનો નહીં, માનવીઓ પાસે AI ના ભવિષ્યની ચાવી છે.**

2) **કેન્દ્રીય અંદાજપત્ર રાષ્ટ્રીય વિકાસ જરૂરિયાતોને નાણાકીય પ્રાથમિકતાઓ સાથે સંતુલિત કરતું હોવાનું જણાવતા કેન્દ્રીય નાણાંમંત્રી.**

3) **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું કે ભારત યુનાની પદ્ધતિમાં શિક્ષણ, સંશોધન, આરોગ્ય અને દવાઓના ઉત્પાદનમાં વિશ્વમાં અગ્રેસર**

4) **આ વર્ષે મહાકુંભમાં 10 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ વિધિસર કલ્પવાસ કર્યો**

5) **કોંગોમાં શિબિર પર લશ્કરી હુમલામાં 55 નાગરિકોના મોત થયા**

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV. PM MODI-AI SUMMIT

પેરિસમાં આયોજિત AI એક્શન સમિટમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ AI ના પરિવર્તનશીલ પ્રભાવ પર પ્રકાશ પાડ્યો, શ્રી મોદીએ AIને એક વ્યાખ્યાયિત બળ ગણાવ્યું. ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોન સાથે સમિટના સહ-અધ્યક્ષતાપદે, પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે AI ભૂતકાળના કોઈપણ તકનીકી સીમાચિહ્નથી વિપરીત છે, જેને શાસન માટે વૈશ્વિક, જવાબદાર અને સમાવિષ્ટ અભિગમની જરૂર છે.

શ્રી મોદીએ આરોગ્યસંભાળ, શિક્ષણ અને કૃષિમાં ક્રાંતિ લાવીને, ટકાઉ વિકાસ લક્ષ્યો તરફ ઝડપી અને વધુ અસરકારક પ્રગતિ કરીને લાખો લોકોના જીવનમાં સુધારો લાવવા માટે AI ની ક્ષમતા પર ભાર મૂક્યો. તેમણે ટેકનોલોજીનું લોકશાહીકરણ, જન-કેન્દ્રિત એપ્લિકેશનો બનાવવા અને ખાસ કરીને ગ્લોબલ સાઉથમાં, તમામને AIનો  લાભ મળે તે સુનિશ્ચિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો. શ્રી મોદીએ કહ્યું કે મશીનો નહીં, પરંતુ માનવીઓ પાસે AI ના ભવિષ્યની ચાવી છે. તેમણે વૈશ્વિક નેતાઓને AI વિકાસને જવાબદારીપૂર્વક આકાર આપવા હાકલ કરી.

# PM-ESTONIA PREZ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પેરિસમાં AI એક્શન સમિટ દરમિયાન એસ્ટોનિયાના રાષ્ટ્રપ્રમુખ અલાર કારિસ સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓ વચ્ચે આ પહેલી મુલાકાત હતી. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે બંને નેતાઓએ ભારત-એસ્ટોનિયા સંબંધોના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી, જેમાં આર્થિક, IT અને ડિજિટલ, સાંસ્કૃતિક, પર્યટન અને લોકો વચ્ચેના સંબંધોનો સમાવેશ થાય છે. તેમણે બંને રાષ્ટ્રો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવા અંગે પણ ચર્ચા કરી હતી.

# LS- FM REPLY EARLY

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે સરકાર મૂડી ખર્ચ અને મૂડી સંપત્તિ બનાવવા માટે 99 ટકા ઋણનો ઉપયોગ કરી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે અસરકારક મૂડી ખર્ચ 4.3 ટકા છે અને રાજકોષીય ખાધ GDP ના 4.4 ટકા છે, જે દર્શાવે છે કે સરકાર અસરકારક મૂડી ખર્ચને ભંડોળ પૂરું પાડવા અને મૂડી સંપત્તિ બનાવવા માટે તમામ ઉધાર લીધેલા સંસાધનોનો ઉપયોગ કરી રહી છે. મંત્રીએ લોકસભામાં કેન્દ્રીય અંદાજ પત્ર પર ચર્ચાનો જવાબ આપતાં આમ જણાવ્યું. તેમણે ઉમેર્યું કે કેન્દ્રીય અંદાજ પત્ર 2025-26 રાષ્ટ્રીય વિકાસ જરૂરિયાતોને નાણાકીય પ્રાથમિકતાઓ સાથે સંતુલિત કરે છે. તેમણે કહ્યું હતું કે અંદાજપત્ર 2025-26 વૈશ્વિક મેક્રોઇકોનોમિક વાતાવરણમાં ભારે અનિશ્ચિતતાઓ અને ફેરફારોના સમયે આવ્યું છે. શ્રીમતી સીતારમણે કહ્યું કે ભારત સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બનવાનું ચાલુ રાખશે.

# PREZ-UNANI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું કે આજે ભારત યુનાની પદ્ધતિમાં શિક્ષણ, સંશોધન, આરોગ્ય સંભાળ અને દવાઓના ઉત્પાદનમાં વિશ્વમાં અગ્રણી સ્થાન ધરાવે છે. નવી દિલ્હીમાં યુનાની દિવસ પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરતા શ્રી મૂર્મુએ કહ્યું કે, આજે યુનાન એટલે કે ગ્રીસ અને મધ્ય એશિયાના દેશોમાં યુનાની દવા પદ્ધતિનો એટલો ઉપયોગ થતો નથી જેટલો ભારતમાં થાય છે. તેમણે ખુશી વ્યક્ત કરી કે યુનાની પદ્ધતિ સાથે સંકળાયેલા સંશોધકો અને પ્રેક્ટિશનરો આધુનિક પદ્ધતિઓ અને ટેકનોલોજીના ઉપયોગી પાસાઓ અપનાવી રહ્યા છે.

આ પ્રસંગે કેન્દ્રીય આયુષ મંત્રી પ્રતાપરાવ જાધવે જણાવ્યું કે, સરકાર યુનાની દવા અને અન્ય ભારતીય દવા પ્રણાલીઓના વિકાસને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે. દરમિયાન કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે, યોગ હોય, આયુર્વેદ હોય કે યુનાની, કોવિડ મહામારી દરમિયાન વિશ્વએ તેની અસરકારકતા જોઈ છે.

ઉલ્લેખનીય છે કે પ્રખ્યાત યુનાની ચિકિત્સક, શિક્ષક અને સ્વાતંત્ર્ય સેનાની હકીમ અજમલ ખાનના જન્મદિન નિમિતે દર વર્ષે 11 ફેબ્રુઆરીને યુનાની દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

# AMIT SHAH CYBER CRIME

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે કેન્દ્ર સરકાર સાયબર ગુનાઓનો સામનો કરવા માટે ચાર સ્તરીય રણનીતિ અપનાવી રહી છે, જેમાં સંકલન, સંદેશાવ્યવહાર અને ક્ષમતા નિર્માણનો સમાવેશ થાય છે. આજે નવી દિલ્હીમાં 'સાયબર સુરક્ષા અને સાયબર ક્રાઇમ' પર ગૃહ મંત્રાલયની સંસદીય સલાહકાર સમિતિની બેઠકને સંબોધતા, શ્રી શાહે સાયબર ક્રાઇમ અટકાવવા માટે જાગૃતિ વધારવા પર ભાર મૂક્યો. તેમણે સમિતિના સભ્યોને આ સંદર્ભમાં જારી કરાયેલ હેલ્પલાઇન નંબર 1930નો શક્ય તેટલો વધુ પ્રચાર કરવા જણાવ્યું. શ્રી શાહે કહ્યું કે ગુનેગારોના ખાતાઓને ઓળખવા માટે કૃત્રિમ બુદ્ધિમત્તા AIનો ઉપયોગ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

# MAHAKUMBH KALPVAAS

**અને હવે સાંભળીએ મહાકુંભ અંગેના સમાચાર ..**

## (KUMBH OPENING)

મહાકુંભ દરમિયાન વ્રત, સંયમ અને સત્સંગનો કલ્પવાસ કરવાનો અનોખી પરંપરા છે. આ વર્ષે મહાકુંભમાં 10 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ વિધિસર કલ્પવાસ કર્યો છે. આ અંગે પ્રસ્તુત છે એક અહેવાલ..

**(બાઇટ: મયુર સોલંકી )**

પૌરાણિક માન્યતા છે કે માઘ માસ દરમિયાન પ્રયાગરાજના સંગમ તટ પર કલ્પવાસ કરવાથી હજારો વર્ષોના તપનું ફળ મળે છે. પરંપરા અનુસાર માઘ પૂનમના દિવસે કલ્પવાસ સમાપ્ત થશે. 12 ફેબ્રુઆરીએ તમામ કલ્પવાસી વિધિસર પૂનમના દિવસે પવિત્ર સંગમમાં સ્નાન કરી કલ્પવાસ પૂર્ણ કરશે. પૂજા અને દાન કર્યા બાદ, કલ્પવાસી પોતાના અસ્થાયી આવાસ છોડીને પોતાના ઘરે પરત ફરશે. કલ્પવાસી સંગમ સ્નાન કરી પોતાના તીર્થ પુરોહિતો સાથે પૂજા કરીને કલ્પવાસનું વ્રત પૂર્ણ કરશે. ત્યાર બાદ પોતાની ઝૂંપડીમાં આવીને સત્ય નારાયણની કથા અને હવન કરવાની પરંપરા છે. કલ્પવાસના પ્રારંભમાં વવેલ જઉને ગંગામાં વિસર્જિત કરીને અને તુલસીના છોડને પોતાની સાથે ઘરે લઈ જવાનો પણ નિયમ છે.

મયુર સોલંકી - આકાશવાણી સમાચાર, અમદાવાદ

## (KUMBH CLOSING)

Upload National Evening News 11-02-2025 at 7.50-8.00pm-8

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# PM-PPC MENTAL HEALTH

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે 'પરીક્ષા યોદ્ધાઓ' જે સૌથી સામાન્ય વિષયો પર ચર્ચા કરવા માંગે છે તેમાંથી એક વિષય માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીનો છે. શ્રી મોદીએ સોશિયલ મિડીયા પોસ્ટમાં કહ્યું કે, આ વર્ષની પરીક્ષા પે ચર્ચામાં આ વિષય પર ખાસ એપિસોડ તૈયાર કરવામાં આવ્યો છે, જે આવતીકાલે 12 ફેબ્રુઆરીએ પ્રસારિત થશે. આ વિષય પર અભિનેત્રી દિપીકા પદુકોણ વાત કરશે.**

પ્રધાનમંત્રીએ દરેક વ્યક્તિને પરીક્ષા પે ચર્ચા 2025ના તમામ આઠ એપિસોડ જોવા અને પરીક્ષા યોદ્ધાઓને પ્રોત્સાહિત કરવા વિનંતી કરી.

# DELHI AMRUT UDYAN

રાષ્ટ્રપતિ ભવનમાં સ્થિત અમૃત ઉદ્યાનના શિયાળુ સંસ્કરણમાં લોકો મોટી સંખ્યામાં પહોંચી રહ્યા છે. 30 માર્ચ સુધી ખુલ્લા રહેનારા આ ઉદ્યાનમાં મંગળવારથી રવિવાર સુધી સવારે 10 થી સાંજે 6 વાગ્યા સુધી મુલાકાતીઓ બગીચાની મુલાકાત લઈ શકે છે. સાંભળીએ એક અહેવાલ..

**(વોઇસ કાસ્ટ : અક્ષિત, સંવાદદાતા )**

# CONGO ATTACK

કોંગોના ઇટુરી પ્રાંતમાં વિસ્થાપિત લોકો માટેની શિબિર પર લશ્કરી હુમલો થયો. આ હુમલામાં 55 નાગરિકોના મોત થયા. બહેમા બડજેરે જિલ્લાના વડાએ હુમલાની પુષ્ટિ કરી અને કહ્યું કે મૃત્યુઆંક વધવાની શક્યતા છે.

ઉલ્લેખનીય છે કે પૂર્વ કોંગોમાં 120 થી વધુ સશસ્ત્ર જૂથો એકબીજા સામે લડી રહ્યા છે. આમાંના મોટાભાગના લોકો કિંમતી ખનિજો ધરાવતી જમીન અને ખાણોના નિયંત્રણ માટે લડી રહ્યા છે. કેટલાક પોતાના સમુદાયોનું રક્ષણ કરી રહ્યા છે. ગયા મહિને રવાન્ડા સમર્થિત બળવાખોરોએ ઉત્તર કિવુ પ્રાંતની રાજધાની ગોમા પર કબજો કર્યા પછી પૂર્વી કોંગોમાં સંઘર્ષ વધુ તીવ્ર બન્યો.

# MIZORAM-ELECTIONS

મિઝોરમમાં, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના સભ્યોની પસંદગી માટે આવતીકાલે મતદાન થશે. જિલ્લા પંચાયત હેઠળ આવતા લોંગટલાઈ અને સિયાહા જિલ્લાઓને બાદ કરતાં 9 જિલ્લાઓમાં 544 ગ્રામ પરિષદો અને 111 સ્થાનિક પરિષદોની ચૂંટણીઓ યોજાશે. ગ્રામ પરિષદની ચૂંટણી માટે કુલ 4 લાખ, 37 હજારથી વધુ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે, જ્યારે 2 લાખ, 85 હજારથી વધુ મતદારો સ્થાનિક પરિષદની ચૂંટણીમાં ભાગ લેશે. આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતા, રાજ્ય ચૂંટણી કમિશનર ડૉ. એચ. લલ્થલાંગલિયાનાએ જણાવ્યું કે મુક્ત, ન્યાયી અને શાંતિપૂર્ણ ચૂંટણીઓ યોજવા માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે મતદાન સવારે 7 વાગ્યાથી શરૂ થશે અને સાંજે 4 વાગ્યા સુધી ચાલુ રહેશે. મતગણતરી તે જ દિવસે સાંજે 7 વાગ્યાથી હાથ ધરવામાં આવશે

# EVE BADMINTON-ASIA C'SHIP

બેડમિન્ટનમાં, એશિયા મિક્સ્ડ ટીમ ચેમ્પિયનશિપ 2025 આજથી ચીનના કિંગદાઓ ખાતે શરૂ થઈ છે. આ ટુર્નામેન્ટમાં 12 ટીમો ભાગ લે છે, જેને ત્રણ-ત્રણના ચાર ગ્રુપમાં વહેંચવામાં આવી છે. ભારતને ગ્રુપ ડીમાં બે વખતના રનર-અપ, દક્ષિણ કોરિયા અને મકાઉ ચીન સાથે રાખવામાં આવ્યું છે. ભારત આવતીકાલે મકાઉ સામે તેના અભિયાનની શરૂઆત કરશે. દિગ્ગજ શટલર લક્ષ્ય સેન અને માલવિકા બંસોડ ભારતનું નેતૃત્વ કરશે. સેન, એચએસ પ્રણોય સાથે, પુરુષોના સિંગલ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. જ્યારે ભારતની નંબર 2, માલવિકા બંસોડ, મહિલા સિંગલ્સમાં દેશનું પ્રતિનિધિત્વ કરશે.